# બિહાર : પોલીસ અપહરણનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો

## લાલુ, પાસવાને સર્વપક્ષીય બેઠકનો વિરોધ કર્યો



(એજન્સી) પટણા,તા.૪

બિહારમાં નકસલવાદીઓ દ્વારા બંધક બનાવવામાં આવેલા પોલીસ કર્મીઓમાંથી ત્રણ પોલીસ કર્મીઓની મુકિત માટે પોલીસે પોતાનું અભિયાન ઝડપી બનાવી દીધુ છે. આ દરમ્યાન પોલીસે શનિવારે જમુઈ જિલ્લાના બે નકસલવાદીઓની ધરપકડ કરી હતી. સ્થાનિક ટીવી ચેનલો અનુસાર આમાંથી એક પ્રમોદકુમાર બંધક પ્રકરણનો માસ્ટર માઈન્ડ છે. જો કે પોલીસે ધરપકડને સમર્થન આપ્યું ન હતું. જો કે અત્યાર સુધી બાકીના ત્રણ પોલીસ કર્મીઓ અંગેની કોઈ માહિતી મળી ન હતી.

બીજી તરફ નકસલલીઓના સ્વયંભૂ પ્રવકતા અવિનાશે મીડિયાને જણાવ્યું હતું કે બિહાર સરકાર વાતચીત કરવા માટે તૈયાર છે. પ્રતિબંધિત સંગઠન ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માઓવાદી)એ બંધક બનાવેલ પોલીસ કર્મી અભય યાદવની હત્યાની ખોટી માહિતી મીડિયાને આપવા માટે શનિવારે માફી માંગી હતી.

મુંગેર-જમુઈ-લખીસરાય ઝોનનાં સ્વયંભૂ પ્રવકતા અવિનાશે શનિવારે સવારે એક સ્થાનિક ચેનલને જણાવ્યું હતું કે ચાર જવાનોમાંથી એક અભય યાદવની હત્યાની ખોટી માહિતી આપવા માટે સૌની માફી માગે છે. પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ શનિવારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા સેટેલાઈટ ચાર્ટર્ડ હેલીકોપ્ટરથી તમામ ક્ષેત્રમાં તપાસ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ અભિયાનમાં કેન્દ્રીય રીઝર્વ પોલીસ દળ (સીઆરપીએફ), વિશેષ કાર્ય દળ (એસટીએફ) બિહાર સૈન્ય દળ (બીએમપી) તથા કોબરા બટાલિયનને સામેલ કરવામાં આવ્યા હતા. બિહારના ડીઆઈજી નીલમણિએ જણાવ્યું હતું કે અથડામણ પછી અથડામણના સ્થળ લખસીરાય, મુંગેર અને જમુઈનાં સીમાવર્તી પર્વતીય ક્ષેત્રોમાં શોધખોળ અભિયાન છ દિવસથી જારી છે, પરંતુ હવે આ અભિયાનનું ક્ષેત્ર બાંકા અને કેમુર જિલ્લાઓ સુધી વિસ્તારવામાં આવ્યું છે.

આ દરમ્યાન પોલીસ કર્મીઓને બંધક બનાવવા અંગે મુખ્યપ્રધાન નીતિશકુમારે શનિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે આ સર્વપક્ષીય બેઠકનો કોઈ અર્થ નથી કારણ કે આ મામલામાં ખૂબ જ મોડુ થઈ ગયું છે. લાલુપ્રસાદ યાદવ અને રામવિલાસ પાસવાને આ બેઠકનો બહિષ્કાર કર્યો હતો.

મુખ્ય પ્રધાન નીતિશકુમારે માઓવાદીઓ સાથે વાતચીત કરવાનો પ્રસ્તાવ પણ મુકયો છે.

## રૂચિકા કેસ : રાઠોડની પેરોલ અરજી ફગાવાઈ

(એજન્સી) પંચકુલા, તા.૪

લગભગ બે દાયકા જૂના રૂચિકા જાતિય શોષણના કેસમાં આરોપી ઠેરવવામાં આવેલા હરિયાણાના પૂર્વ ડીજીપી એસપીએસ રાઠોડની પેરોલ પર મુકત કરવાની અપીલ જિલ્લા તંત્રએ ફગાવી દીધી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાઠોડે આ આધારે પોતાને દસ દિવસ માટે પેરોલ પર મુકત કરવાની માંગ કરી હતી કે તેમને પંચકુલા સ્થિત પોતાના ખેતરમાં કંઈક કામ કરવાનું છે. લગભગ વીસ વર્ષ પહેલાં નવોદિત ટેનિસ ખેલાડી રૂચિકા ગિરહોત્રાનું જાતિય શોષણ કરવાના કેસમાં આરોપી ઠેરવાયેલા રાઠોડને સત્ર અદાલતે ચાલુ વર્ષે ૨૫ મેના રોજ ૧૮ મહિનાની સજા ફટકારી હતી ત્યારથી તેઓ બુરેલ જેલમાં બંધ છે. હરિયાણા લોન ટેનિસ એસોસિએશનના તત્કાલિન પ્રમુખ રાઠોડે ઓગસ્ટ ૧૯૯૦માં ૧૪ વર્ષીય રૂચિકાનું જાતિય શોષણ કર્યું હતું.

## યુધ્ધ નીતિ ધરાવતા અને બુશના ટેકેદાર

# બ્રિટનના પૂર્વ વડાપ્રધાન બ્લેયર પર જોડાં અને ઈંડાનો વરસાદ

## ઈરાક યુધ્ધના વિરોધીઓએ બ્લેયરને નિશાન બનાવ્યા

(એજન્સી) ડબલિન,તા.૪

બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ટોની બ્લેયર પર પગરખા અને ઈંડાઓનો વરસાદ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ડબલિનમાં પોતાની આત્મકથાની જાહેરાત માટે આવેલા બ્લેયર પર રોષે ભરાયેલા દેખાવકારોએ ઈંડા અને જોડાં ફેંકયા હતા. પોતાની આત્મકથા 'એ જર્ની'ના પ્રચાર માટે ડબલિન પહોંચેલા બ્લેયરની ઈરાક યુધ્ધ માટે આકરી ટીકા કરવામાં આવી રહી છે. સ્થાનિક મીડિયા મુજબ, આયોજન સ્થળ પર બ્લેયરની ગાડી પહોંચતા જ જોડાં અને ઈંડાથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, 'એ જર્ની' પુસ્તકમાં બ્લેયરે અફઘાનિસ્તાન તથા ઈરાક યુધ્ધ અંગે ઘણી વાતો લખી છે. જેથી મોટાભાગના લોકો તેમનાથી નારાજ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકાના પૂર્વ પ્રમુખ જયોર્જ બુશ યુધ્ધ નીતિ ધરાવતા હતા. સામૂહિક નરસંહારના શસ્ત્રોના આરોપ હેઠળ બુશ ઈરાક પર હુમલો કર્યો હતો. જેનો ઘણા દેશોએ વિરોધ કર્યો હતો. પણ તત્કાલીન બ્રિટિશ વડાપ્રધાને બુશની યુધ્ધ નીતિને ટેકો



આપ્યો હતો. બ્લેયરની આવી નીતિ સામે ઘણો વિરોધ થયો હતો. બ્રિટનમાં પણ બ્લેયરના નિર્ણય અંગે ઘણો વિવાદ થયો હતો.

# અમેરિકા સાથેનો વીઝા વિવાદ ઉકેલાશે : ભારત

## અમેરિકાએ તાજેતરમાં વીઝા ફી વધારી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

ભારતે શનિવારે આશા વ્યક્ત કરી હતી કે અમેરિકા સાથે વિઝા વિવાદને પરસ્પર સંમતિથી ટૂંક સમયમાં ઉકેલી લેવામાં આવશે. અમેરિકાએ હાલમાં વિઝા ફીમાં વધારો કર્યો છે. જેની ભારતીય આઈટી કંપનીઓ પર અસર પડવાની શકયતા છે. વાણિજય સચિવ રાહુલ ખુલ્લરે પત્રકારોને જણાવ્યું હતું કે, કે મારું માનવું છે કે ભારત અને અમેરિકા બને આ અંગે પરસ્પર સંમતિથી સમાધાનના પક્ષમાં છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, અમેરિકાના ઉપ વેપાર પ્રતિનિધિ માઈકલ પુંક અને ફલોરિડાથી સેન્ટર જયોર્જ લિમિયુકસ સહિત કેટલાક અમેરિકન નેતા તેમની સાથે આ મુદ્દે મંત્રણા કરી ચુકયા છે. ખુલ્લરે જણાવ્યું હતું કે, હવે જયારે વેપાર નીતિ અંગેની બેઠકમાં માત્ર બે સપ્તાહનો સમય બચ્યો છે તેમજ અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામા પણ ભારતના પ્રવાસે આવશે એવામાં કોઈ ઈચ્છતું નથી કે આ વિવાદ ચાલુ રહે. અમેરિકન રાષ્ટ્રપતિ નવેમ્બરમાં ભારતના પ્રવાસે આવશે. સરહદ સુરક્ષા વિધેયક હેઠળ અમેરિકાએ આગામી પાંચ વર્ષ માટે એચ-૧ બી અને એલ-૧ વિઝાની કેટલીક શ્રેણીઓ માટે ફીમાં ૨૦૦૦ ડોલર સુધીનો વધારો કર્યો છે. અમેરિકા દ્વારા વિઝા ફીમાં કરાયેલા વધારા અંગે ઘરેલુ સોફટવેર ઉદ્યોગે ચિંતા વ્યક્ત કરી છે. કારણ કે સૌથી વધુ પ્રભાવ તેને જ થશે તેવા અણસાર છે. અમેરિકા દ્વારા જાહેર કરવામાં આવતા કુલ વિઝા પૈકી આ કંપનીઓની ૧૨ ટકા ભાગીદારી હોય છે.

## અમેરિકા અને યુરોપમાં હુમલા થવાની દહેશત

# પાક.માં આતંકવાદી સાંપ્રદાયિક તિરાડ વધારી રહ્યા છે : મલિક

### છેલ્લા ત્રણ દિવસમાં હુમલા કરીને પાકિસ્તાની તાલિબાને ૯૦ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે : રહેમાન મલિક

(એજન્સી) ઈસ્લામાબાદ,તા.૪

તાલિબાન તરફી પાકિસ્તાની ત્રાસવાદીઓ સાંપ્રદાયિક હિંસા ફેલાવવાના પ્રયાસો કરી રહ્યા છે. ગૃહ પ્રધાન રહેમાન મલિકે જણાવ્યુ છે કે હિંસાનો નવા દોરથી સરકાર પર દબાણ વધી ગયુ છે. પુર કટોકટીના કારણે પહેલાથી જ મુશ્કેલીનો સામનો કરી રહેલી સરકાર સામે આના લીધે નવા પડકારો ઉભા થઈ ગયા છે. પાકિસ્તાની તાલિબાને છેલ્લા ત્રણ દિવસમાં ક્વેટા અને લાહોર શહેરમાં બે રેલીઓ ઉપર હુમલા કરીને ૯૦થી વધુ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. પાકિસ્તાની તાલિબાને આ હુમલા માટેની જવાબદારી સ્વીકારી છે. પાકિસ્તાનના અધિકારીઓનું કહેવુ છે કે પુરના કારણે એકબાજુ ૨૦ મિલિયન લોકોને પ્રતિકુળ અસર થઈ છે. પાકિસ્તાની અધિકારીઓ કહી ચુક્યા છે કે હુમલા પહેલા કોઈપણ સાંપ્રદાયિક હિંસા સ્થિતિને વધુ નુકસાન પહોચાડે છે. મલિકે કહ્યુ છે કે તાલિબાને અમેરિકા અને યુરોપમાં ટૂંક સમયમાં જ મોટા હુમલા કરવાની ધમકી આપી છે. વોશિંગ્ટને બે દિવસ પહેલા જ તહેરિકે તાલિબાન પાકિસ્તાનને વિદેશી ત્રાસવાદી સંગઠનોની યાદીમાં મુકી દીધા બાદ તેના કટ્ટરપંથી લીડરોમાં નારાજગી પ્રવર્તી રહી છે. પાકિસ્તાનમાં તેની રચના બાદથી જ સાંપ્રદાયિક હિંસા થતી રહી છે. ઈસ્લામાબાદમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યુ હતુ કે આતંકવાદીઓ ફરીવાર હુમલાઓ કરી શકે છે. જયાં કઈ પણ સંવેદનશીલ તક મળશે તે વિસ્તારમાં હુમલા કરવામાં આવશે. મલિકે કહ્યુ હતુ કે ટીટીપી, અલકાયદા અને લશ્કરે ઝાંગવી મધ્ય પંજાબ પ્રાંતમાં મજબુત જડ ધરાવે છે.

# ઉત્તરપ્રદેશમાં સ્કૂલ બસમાં આગ : ૧૫ બાળકો દાઝ્યા

## દાઝી ગયેલા વિદ્યાર્થીઓ પૈકીના ત્રણની હાલત હજુ ગંભીર ડ્રાયવર ફરાર:બનાવ વખતે બસમાં ૨૨ વિદ્યાર્થીઓ હતા

(એજન્સી) આઝમગઢ,તા.૪

ઉત્તરપ્રદેશના આઝમગઢ જિલ્લાના નસિબપુર ગામ નજીક સ્કૂલની ગાડીમાં આગ ફાટી નીકળતા ૧૫ બાળકોને નજીવી ઈજા થઈ હોવાના અહેવાલ મળ્યા છે. તમામ બાળકોની વય ૮થી ૧૩ વર્ષની હોવાનું જાણવા મળ્યુ છે. દાઝી ગયેલા બાળકોને આઝમગઢની જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તબીબોએ કહ્યુ છે કે ત્રણની હાલત ગંભીર છે. પોલીસના જણાવ્યા મુજબ આ બનાવ બિલારીયાગંજ વિસ્તારમાં બન્યો હતો તે વખતે મા યશોદા ઈન્ટર કોલેજ સ્કૂલની ગાડીમાં આગ ફાટી નીકળી હતી. આગ ફાટી નીકળી ત્યારે ખાનગી સ્કૂલની બસમાં ૨૨ વિદ્યાર્થીઓ હતા ડ્રાયવર ઘટના સ્થળથી ફરાર થઈ ગયો હતો તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ૧૨ વર્ષીય વિદ્યાર્થી ઓમ પ્રકાશે આગ ફાટી નીકળ્યા બાદ દરવાજાને ખોલીને અન્ય વિદ્યાર્થીઓને બહાર કાઢયા હતા. ઓમ પ્રકાશ પોતે ૫૦ ટકા સુદી દાઝી ગયો છે. જયારે અન્યવિદ્યાર્થીઓ ૨૦થી ૪૦ ટકા સુદી દાઝી ગયા છે. સારવાર આપતા તબીબોએ કહ્યુ છે કે આ ગાડી સીએનજી વાળી હતી. ડ્રાયવરને પકડી પાડવામાં આવ્યા બાદ વધુ વિગત જાણવા મળે તેવી શક્યતા છે. વાહનમાં ફીટ કરવામાં આવેલી એલપીજી કિટના કારણે આ આગ લાગી હોવાનું પોલીસે પ્રાથમિક અહેવાલમાં કહ્યુ છે.

# કાશ્મીર ભારતનો અખંડ ભાગ : કૃષ્ણાની જાહેરાત

### ભારતના અંકુશ હેઠળના કાશ્મીર મામલે ચીન સરકારની પ્રતિક્રિયા અંગે ચિંતા : કાશ્મીર મામલે બાંધછોડનો ઈન્કાર

(એજન્સી) મુંબઈ,તા.૪

ભારતના અંકુશ હેઠળના કાશ્મીર અંગે ચીનની પ્રતિક્રિયા અંગે ચિંતા વ્યક્ત કરતા વિદેશ પ્રધાન એસ.એમ. કૃષ્ણાએ આજે જણાવ્યુ હતુ કે કાશ્મીર ભારતનો એક અખંડ ભાગ છે.

કાશ્મીરના મામલે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહી. કૃષ્ણાએ કહ્યુ હતુ કે જમ્મુ કાશ્મીર પ્રત્યે ભારત સરકારની ગંભીરતાની ચીન સરકારે નોંધ લેવી જોઈએ. ચીને ભારતના મતનું સન્માન કરવુ જોઈએ.

મુબઈમાં વિદેશ મંત્રાલયની સલાહકાર સમિતિની બેઠકના ભાગરૂપે તેમણે કહ્યુ હતુ કે ચીન સરકાર જમ્મુ કાશ્મીર મામલે અમારી ગંભીરતાનું સન્માન કરશે તેવી આશા છે. કાશ્મીરના મામલે અમે કોઈપણ બાંધછોડ કરવા માંગતા નથી. અગાઉ તેઓએ ૨૬મી નવેમ્બર ૨૦૦૮ના દિવસે કરવામાં આવેલા આતંકવાદી હુમલા દરમિયાન ટાર્ગેટ બનાવવામાં આવેલા સ્થળ પૈકીના એક એવા તાજ હોટલની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યુ હતુ કે તાજ હોટેલ માત્ર મુંબઈ માટે જ નહી પરંતુ સમગ્ર દેશમાં સન્માનજનક બાબત છે. ૨૬/૧૧માં માર્યા ગયેલા લોક પ્રત્યે તેઓએ સહાનુભૂતિ વ્યક્ત કરી હતી.

# આજે બ્રહ્મોસનું પરીક્ષણ કરાય તેવી શક્યતા

## આધુનિક મિસાઈલ પહેલાથી જ સેનામાં સામેલ કરાઈ ચૂકી છે

(એજન્સી) બાલેશ્વર, તા. ૪

સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ બ્રહ્મોસના પ્રાયોગિક પરીક્ષણની તૈયારી અહીથી થોડા અંતરે આવેલ ચાંદીપુર સ્થિત ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ (આઈટીઆર)માં શનિવારે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. પરીક્ષણ રવિવારે થવાની આશા છે.

સંરક્ષણ અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારત-રશિયા સંયુકત ઉપક્રમ હેઠળ વિકસિત કરવામાં આવી રહેલ આધુનિક મિસાઈલને અગાઉથી જ ભારતીય સેના અને નૌકાદળમાં સામેલ કરી લેવામા આવી છે. પ્રસ્તાવિત પરીક્ષણ નિયમિત રીતે કરવામાં આવનારા પરીક્ષણોમાંનું એક છે. તેમણે જણાવ્યું હતું કે ૨૯૦ કિલોમીટર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવતી બ્રહ્મોસ-૧ની એક રેજીમેંટ અગાઉથી જ સેના પાસે છે. સેના લેન્ડ એટેક ક્રૂઝ મિમાઈલ (એલએસીએમ)ની વધુ બે રેજીમેન્ટને સામેલ કરનાર છે. એલએસીએમ ભરચક શહેરી વિસ્તારમાં નાના લક્ષ્યો પર ચોક્કસ નિશાન લગાવવામાં સક્ષમ છે. આ જ પ્રકારે બ્રહ્મોસ-રનો ઉપયોગ સરહદ પાર આતંકવાદી પ્રશિક્ષણ શિબિરોને શોધીને નિશાન બનાવવા માટે કરી શકાય છે.

બહ્મોસની નૌકાદળ આવૃત્તિનું ૨૧ માર્ચ, ૨૦૧૦નાં રોજ ઓરિસ્સાના તટ પર નૌકાદળનાં જહાજ આઈએનએસ રણવીરથી સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

# દિલ્હી મેટ્રો સ્ટેશન પર બિનવારસી બેગ મળી

(એજન્સી) નવી દિલ્હી,તા.૪

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં મેટ્રો સ્ટેશન ખાતે બોમ્બની અફવા ફેલાતા ભાગદોડ મચી ગઈ હતી. જો કે લોકોમાં દહેશત બાદ આ બાબત અફવા સાબિત થઈ હતી. રાજીવ મેટ્રો સ્ટેશનથી બોમ્બની અફવા ફેલાઈ ગઈ હતી. કોમ્પ્યુટરમાં બિન વારસી બેગ દેખાઈ આવ્યા બાદ બોમ્બ હોવાની અફવા ફેલાઈ ગઈ હતી. તરતજ પોલીસ અને સીઆઈએસએફને એલર્ટ કરીને ઉંડી ચકાસણી કરવામાં આવી હતી. આખરે બેગમાં ચકાસણી કરવામાં આવતા તેમાં કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી ન હતી. બોમ્બ નિષ્ક્રિય કરતી ટીમ પણ તૈનાત કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે દિલ્હીમાં કોમનવેલ્થ રમતોત્સવ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે.

## બેરોજગારીનો દર વધીને ૯.૬ ટકા થયો

# મંદી યથાવત: અમેરિકામાં વધુ ૫૪૦૦૦ લોકોની નોકરી ગઈ

### ઓગસ્ટ મહિનામાં બેરોજગારીનો દર ૯.૫ ટકાથી વધીને ૯.૬ ટકા થયો : વધુ પેકેજની બરાક ઓબામાની ખાતરી

(એજન્સી) વૉશિંગ્ટન,તા.૪

અમેરિકામાં વૈશ્વિક કટોકટી બાદ હવે આર્થિક રિકવરી થઈ રહી છે. પરંતુ બેરોજગારીનો આંકડો હજુ પણ ચિંતાજનક બનેલો છે. ગયા મહિને અમેરિકામાં ૫૪૦૦૦ લોકોએ રોજગારી ગુમાવી હતી. હવે પ્રમુખ બરાક ઓબામાએ વધુ રોજગારીની તકો ઉભી કરવાના સંબંધે આગામી સપ્તાહમાં વધુ એક પેકેજ જારી કરવાની જાહેરાત કરી છે. ઓબામાએ નાના ઉદ્યોગોને સહાયતા આપે તેવા કાયદાને રોકવા બદલ રિપબ્લિકનોની પણ જોરદાર ઝાડકણી કાઢી છે. ઓબામાએ બેરોજગારીના વધતા જતા આંકડા અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. ઓગસ્ટ મહિનામાં બેરોજગારીનો આંકડો ૯.૫ ટકાથી વધીને ૯.૬ ટકા થઈ ગયો છે. જોકે મોટાભાગના લોકોએ જાહેર ક્ષેત્રમાંથી નોકરી ગુમાવી છે કારણ કે શ્રમ વિભાગે જણાવ્યુ છે કે સ્થિતિ સુધારવાના પ્રયાસ થયા હોવા છતાં હજુ હાલત કફોડી બનેલી છે. સરકારે ૧૧૪૦૦૦ વર્કરોની ગણતરી કરી છે. ખાનગી બિઝનેસમાં ૬૭૦૦૦ રોજગારી ઉમેરવામાં આવી છે. ઓગસ્ટ મહિનામાં આઠમી વખત નોકરીમાં ઉમેરો થયો છે. સતત બે વર્ષો સુધી બેરોજગારી વધી હતી. આ વર્ષે હજુ સુધી બિઝનેસોમાં પે-રોલ ઉપર ૭૬૩૦૦૦ વર્કરો ઉમેરાયા છે. વ્હાઈટ હાઉસમાં ઓબામાએ આ મુજબની વાત કરી હતી. મંદીનો અંત લાવવા માટે શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવ્યા છે. ગ્રેડ ડીપ્રેશન બાદથી અમેરિકામાં સૌથી કારમી મંદી પ્રવર્તી રહી છે.

અત્રે નોંધનીય છે કે થોડાક સમય પહેલા જ રિપબ્લિકનોએ પણ ઓબામાની ઝાડકણી કાઢી હતી. એક નિવેદનમાં રિપબ્લિકન નેશનલ કમિટિના ચેરમેન માઈકલ સ્ટીલે જણાવ્યુ હતુ કે બેરોજગારીનો દર વધીને ૯.૬ ટકા થઈ ગયો છે. ૫૪૦૦૦ લોકોએ નોકરી ગુમાવી દીધી છે. ઓબામાએ આશા વ્યક્ત કરી છે કે ખુબજ ઝડપથી અમેરિકા મંદીમાંથી બહાર નિકળી જશે.

# ઓબામા આર્થિક મોરચે નિષ્ફળ : સર્વે

## ઈરાક અંગે ઓબામાના વલણના મોટાભાગના અમેરિકનોએ વખાણ કર્યા

(એજન્સી) વોશિંગ્ટન, તા.૪

એક નવા સર્વેક્ષણ અનુસાર અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામાના ઈરાક યુદ્ધ પર અપાયેલા ભાષણની મોટાભાગના લોકોએ પ્રશંસા કરી હતી પરંતુ આર્થિક મોર્ચે તેમને આકરી ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. ૬૦ ટકા લોકો તેમને આર્થિક મોરચે નિષ્ફળ ગણાવે છે. ઓપિનિયન રિસર્ચ કોર્પોરેશન દ્વારા જાહેર કરાયેલા સર્વેક્ષણ અનુસાર રાષ્ટ્રપતિ તરીકે ઓબામાના કાર્યથી ૫૦ ટકા અમેરિકન સંતુષ્ટ છે. ગત મહિને આવા લોકોની સંખ્યા ૪૭ ટકા હતી. ઓબામાના કાર્યથી ૪૯ ટકા લોકો અસંતુષ્ટ છે. ઓગસ્ટની સરખામણીએ સંખ્યામાં બે ટકાનો ઘટાડો છે. ઈરાકમાં અમેરિકન સેના અભિયાન સમાપ્ત કરવાની ઓબામાની જાહેરાત બાદ તાજેતરના સર્વેક્ષણમાં ઈરાકમાં યુદ્ધના મુદ્દે તેમના નિર્ણયથી ૫૭ ટકા લોકો સંમત છે. જુલાઈ મહિનાની સરખામણીમાં આ સંખ્યામાં આઠ ટકાનો વધારો થયો છે. સર્વેક્ષણ નિર્દેશક કીટિંગ હોલેન્ડે જણાવ્યું હતું કે, ઈરાકમાંથી સૈનિકોને પરત બોલાવવાનો ઓબામાનો નિર્ણય ખૂબ જ લોકપ્રિય છે. તેઓએ જણાવ્યું હતું કે દસ પૈકી માત્ર ત્રણ લોકોનું કહેવું છે કે, અમેરિકાએ ઈરાકમાંથી સેનાને પરત બોલાવી જોઈએ નહીં. લગભગ ૨૮ ટકા લોકો માને છે કે ઈરાકમાંથી સેનાઓને પરત બોલાવવાનો આ યોગ્ય સમય છે. તેમજ દસમાંથી ચાર લોકો માને છે કે, આ કામ પહેલા કરી લેવું જોઈતું હતું. સર્વેક્ષણમાં સામેલ મોટાભાગના લોકોએ જણાવ્યું હતું કે, ઈરાકમાંથી એક વખત અમેરિકાની સંપૂર્ણ સેના પરત ફર્યા બાદ સ્થાનિક સરકાર કાયદા-વ્યવસ્થાની સ્થિતિને સંભાળવામાં સક્ષમ સાબિત નહીં થાય. હોલેન્ડે જણાવ્યું હતું કે, દરેક પાંચમાંથી માત્ર એક વ્યક્તિ માને છે કે ઈરાકનું યુદ્ધ સમાપ્ત થઈ ગયું છે. સર્વેક્ષણ અનુસાર અર્થવ્યવસ્થાના મોર્ચે ઓબામાના કાર્યની મોટાભાગના લોકોએ ટીકા કરી છે. લગભગ ૬૦ ટકા લોકો આર્થિક ક્ષેત્રમાં ઓબામાના કાર્યથી સંતુષ્ટ નથી.

# અલગતાવાદીઓના બંધનું એલાન ફગાવતા કાશ્મીરીઓ : જીવન સામાન્ય

## ખીણમાંથી કરફયુ ઉઠાવાયો

(એજન્સી) શ્રીનગર,તા.૪

અલગતાવાદીઓ દ્વારા આજે જાહેર કરાયેલા બંધના આહવાનને લોકોએ નિષ્ફળ બનાવી દીધુ હતું જેના કારણે કાશ્મીર ખીણમાં હવે જનજીવન સામાન્ય થવા લાગ્યું છે. સમગ્ર ખીણમાંથી કર્ફ્યુ હટાવી લેવામાં આવ્યો હતો પરંતુ અનંતનાગ અને પુલવામાં જિલ્લાના શહેરોમાં તકેદારીના પગલારૂપે કર્ફ્યુનો આદેશ લાગુ છે.

હુર્રિયત કોન્ફરન્સના કટ્ટરવાદી સમુહના નેતા સૈયદ અલી શાહ ઝિલાનીએ આજે હડતાળનું આહવાન કર્યું હતું. શ્રીનગર શહેર સહિત ખીણના અન્ય મહત્વપુર્ણ શહેરોના માર્ગો પર સેંકડો વાહનો નજરે પડયા હતા. ઉલ્લેખનીય છે કે ત્રણ મહિનાના લાંબા આંદોલન દરમ્યાન પ્રથમ વખત કટ્ટરવાદી અલગતાવાદી નેતૃત્વ દ્વારા કરાયેલા હડતાલના આહવાનને આટલી મોટી સંખ્યામાં લોકોએ ફગાવી દીધું છે જો કે દુકાનો અને અન્ય વ્યાપારિક પ્રતિષ્ઠાનો બંધ રહયા હતા. વાહનોની ઓછી અવરજવરને કારણે શાળાઓ અને ઉચ્ચશૈક્ષણિક સંસ્થાઓ પણ બંધ રહી હતી.

જુલાઈ મહિનામાં કાશ્મીર બાર એસોસિએશનના અધ્યક્ષ મિયાં અબ્દુલ કયુમની ધરપકડ બાદથી ખીણના વકીલો હડતાલ પર છે. જો કે બારથી અલગ કેટલાક વકીલો અદાલતમાં આવે છે. કાશ્મીર ખીણમાં સ્થિતિ સામાન્ય છે અને કોઈ પણ ક્ષેત્રમાંથી કોઈ અનિચ્છનીય ઘટનાના અહેવાલ મળ્યા નથી.